**–: પ્રાયોજકો ધ્વારા ફરજીયાત રીતે મેળવવાના પરવાના, મનોરંજન કર, મ્યુ.વેરા વિગેરે બાબત :–**

(૧) ગીત, સંગીત, નૃત્ય, નાટય, રાસ–ગરબા, ગઝલ, કવ્વાલી, મુશાયરો તથા કવિ સંમેલનો, ફીલ્મી તેમજ સુગમ ગીતો વિગેરે જેવા તમામ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો માટે સચિવશ્રી, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, સચિવાલય, ગાંધીનગર પાસેથી યોગ્યતા સ્ક્રીપ્ટ લાયસન્સ મેળવવાનું રહેશે. જેની ચકાસણી માટે સરકારશ્રી ધ્વારા મોકલેલ અધિકારી કે નિયુકત પ્રતિનિધિને ગુજરાત રાજય સંગીત અકાદમી, ગાંધીનગર તરફથી આપવામાં આવતા યોગ્યતા પ્રમાણપત્રની શરત નં.૧ મુજબ" ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીની કચેરીના સચિવ તજજ્ઞ, વિભાગના સચિવશ્રી, મંત્રીશ્રી તથા કચેરીના સચિવ મારફત નિયુકત થયેલ અધિકારી, કર્મચારીને નાટકના જાહેર મનોરંજનનો કાર્યક્રમ યોજવાનો હોય કે યોજાઈ રહયા હોય તેવા કોઈપણ સ્થળે અબાધિત પ્રવેશ કરવાનો અધિકાર રહેશે અને તેમને આગલી (પ્રથમ) હરોળની વચ્ચેની પાંચ બેઠકો કાર્યક્રમ દરમ્યાન પ્રેક્ષાગારમાં અનુકુળ બેઠક વ્યવસ્થા ફરજીયાત રીતે ફાળવી આપવાની રહેશે.

(૨) કલેકટરશ્રી સુરત પાસેથી " કરમુકિત " મનોરંજન કરવેરા મુકિત લાયસન્સ મેળવવાનું રહેશે.

(૩) પોલીસ કમિશ્નરશ્રી સુરત પાસેથી " પરફોર્મન્સ " લાયસન્સ તથા ટીકીટ સેલીંગ સેન્ટરનું લાયસન્સ મેળવવાનું રહેશે. ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવનના બુકીંગ ઓફિસનો વપરાશ કરવા અંગે ટીકીટ સેલીંગ સેન્ટરનું લાયસન્સ રજુ કરવાનું રહેશે. બુકીંગ ઓફિસમાંથી ફી વગરના આમંત્રણ પત્રિકા વેચી શકાશે નહીં.પોલીસ કમિશ્નરશ્રી સુરત પાસેથી " પરફોર્મન્સ " લાયસન્સ તથા ટીકીટ સેલીંગ સેન્ટરનું લાયસન્સ મેળવી બે દિવસ અગાઉ મુળ કોપી રજુ કરવાની રહેશે.લાયસન્સ વિના હોલનો કબજો આપવામાં આવશે નહીં.

(૪) સુરત મહાનગરપાલિકા ધ્વારા ગાંધી સ્મૃતિ ભવન/સરદાર પટેલ સ્મૃતિ ભવન મનોરંજન કાર્યક્રમ જેવા હેતુ માટે ફાળવવામાં આવશે. આવા કાર્યક્રમ કરવા બાબતે કેન્દ્રસરકાર / રાજયસરકાર/ સ્થાનીક સ્વરાજયની સંસ્થાના લાગુ પડતા હાલના તથા વખતોવખત અમલમાં આવતા કાયદાઓ મુજબ જે કાંઈ અન્ય લાયસન્સ / પરવાનગી / મંજુરી લેવાની થતી હોય તો તે આયોજકે પોતાના ખર્ચે અને જોખમે સંબંધિત ખાતાઓ / વિભાગમાં અરજી કરી મેળવવાના રહેશે, આવા કાયદાઓના ભંગ થશે તે અંગેની સઘળી જવાબદારી આયોજકની રહેશે.કાર્યક્રમમાં રજૂ થનાર ગીત–સંગીત માટે કોપી રાઈટ એકટ હેઠળ સક્ષમ સતા પાસેથી લાયસન્સ મેળવવાની જવાબદારી આયોજકની રહેશે.